# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

સેકટર-૧૦/એ, 'જલસેવા ભવન', એરફોર્સ સ્ટેશનની સામે, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. ફોન નં. ૩૨૨૨૨૬૩, ૩૨૨૨૫૪૭, ૩૨૨૫૦૭૨, ૩૨૨૫૦૭૯,૩૨૨૦૮૫૯


જા.નં.જીઓ/ બોર ડેવલપમેન્ટ/ વી-વાયર/ ૭૮-૦૮- તા. ૨૫/૦૫/૨૦૦૨

## પરીપત્ર

**વિષય :- બોરમાં રેતી આવવાના કાયમી નિરાકરણ બાબત.**

**અનું:- તાંત્રિક ચકાસણી કમીટી મીટીગ નં-૬૫ ની કાર્યવાહી નોંધ**

(૧) કેટલાક કિસ્સામાં ધ્યાને આવેલ હકીકત અન્વયે નવીન બનાવેલ ઉંડા પાતાળ કુવામાં પંપ ઉતારતાની સાથે જ અથવા તે સમય પછી રેતી આવતી માલુમ પડેલ છે. પરિણામે રેતીના અતિશય પ્રમાણના લીધે પંપીગ મશીનરીની આયુષ્ય મર્યાદા તદન ઘટી જાય છે. તેમજ વારંવાર પંપ નાખવા-કાઢવાના કારણે વધારાના ખર્ચ થાય છે સાથો સાથ ગામોને પાણી પુરવઠો ઘણા દિવસ માટે બંધ રાખવાથી અગવડતા ઉભી થાય છે. અને ગામ લોકોને વૈકલ્પિક વ્યવસ્થા સાથે કપરી પરિસ્થિતીનો સામનો કરવો પડે છે.

(૨) અગાઉ અધિક્ષક ભુસ્તર જળશાસ્ત્રી, બોર્ડ કચેરી,ના પત્ર ક્રમાંકઃ જીઓ/ જનરલ/ ૩૯૦૪ તા.૩૦/૪/૦૨થી ગુજરાત ના કાંપવાળા પશ્ચિમ વિસ્તારોમાં સેન્ડફ્રી ડિસ્ચાર્જ મેળવવા માટે તેમજ લો ડિસ્ચાર્જ વિસ્તાર અને જયાં કેલીકસ થી બોર કરવામાં આવે છે, ત્યાં પણ બોર કરતી વખતે 'વી' વાયર સ્ક્રીન પાઈપના ઉપયોગ બાબતે સ્પષ્ટ સુચનાઓ આપેલ હતી. જેની " પ્રોડકશન" તેમજ"રીચાર્જ" બોરવેલ તરીકે બહુ હેતુક ઉપયોગીતા પણ છે.

ઉપરના પેરા-૧ માં જણાવેલ મુશ્કેલી નિવારવા કોઈપણ સાઈઝ અને ઉંડાઈના પુર્ણ કેસીગ સાથેના ગ્રાવેલ પેક બોરમાં આવતી સ્ટ્રેનર પાઈપમાં " વી-" વાયર સ્ક્રીન પાઈપનો જ ઉપયોગ કરવા આથી સુચના આપવામાં આવે છે. એકવીફરમાં મળેલ ગ્રેઈન સાઈઝ અનુરૂપ સ્લોટ ધરાવતી" વી-" વાયર સ્ટ્રેનર પાઈપના જ ઉપયોગ કરી બોર ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરી પુર્ણ કરવાની રહેશે. તથા આવા બોરનુ સમયાંતરે પરફોર્મન્સ ઈવેલ્યુએશન કરવાનુ રહેશે. હાલની બેલેન્સ સ્લોટેડ પાઈપો પ્રથમ વાપરીને ત્યાર બાદ "વી" વાયર સ્ક્રીન પાઈપો વાપરવાની રહેશે.

સુચના ના અમલ સારુ.

( એસ.એમ.ઝવેરી )

મુખ્ય ઈજનેર (યાંત્રિક)